બાળ-આરંભ.

પાટીદાર યુવક મંડળ-સુરત.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના:—આ સાર્વત્રિક ભાવનાવાળી બાલ-પ્રાર્થનાઓનો નાનકડો સંગ્રહ ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યો છે. મારી બોર્ડિંગ ... સવાર સાંજ કરાતી પ્રાર્થના ઉપરથી આ સંગ્રહની પ્રેરણા થઈ છે. એનો કુટુંબ-પ્રાર્થના તરીકે ... જાહેર સભાઓમાં તો ખાસ કરીને ઉપયોગ થાય એવી ભાવના છે.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.—સવા ચાર મહીનામાં પહેલી આવૃત્તિની ૧૦૦૦ નકલ ખલાસ થવાથી બીજી આવૃત્તિ કઢાવવાનો પ્રસંગ પ્રાપ્ત થવાથી આનંદ થાય છે. પહેલી આવૃત્તિમાંની એકેક પ્રાર્થના કમી કરી બીજી આઠ નવી ઉમેરી છે, જેમાં પ્રભાતની સ્તુતિઓ પહેલી ગોઠવવાનો ફેરફાર કર્યો છે. કદ વધારવા છતાં મૂળ કીંમત કાયમ રાખી છે. કોઈ સદ્ગૃહસ્થને મફત વહેંચવાની ઈચ્છા હશે તો ૧ રૂ.ની ૩૬ લેખે આપવામાં આવશે.

જન્માષ્ટમી, સં. ૧૯૭૦.

પાટીદાર-યુવકમંડળ-ગ્રંથમાળા, મણકો ચોથો.

બાલ-પ્રાર્થના.

મંડળની આજ્ઞાથી સંગ્રહ કરનાર,

કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા.

માન સુપ્રિન્ટેન્ડન્ટ 'પાટીદાર-બોર્ડિંગહાઉસ,'

સૈયદપરા-સુરત.

આવૃત્તિ બીજી, પ્રત, ૧૦૦૦. કુલ પ્રત ૨૦૦૦.
ઈ સ. ૧૯૧૪

મૂલ્ય ૭ પાઈ. સામટી રૂ. ૧ની ૩૧.

ધર્મનું ઉત્તમ સ્થાન!

આપના પૈસા. અને અમર નામ.

પુણ્યનું કામ! જ્ઞાતિ સેવાનું ઠામ!

ગુજરાતના [illegible] “પાટીદાર બોર્ડિંગ” હાઉસ નામ-
નીસસ્થા ત્રણ વરસથી સુરતમાસ્થાપન થઇછે. ટુંક
વખતમાં ૬૦ વિદ્યાર્થીઓનું તે આશ્રય સ્થાન થઇ
પડી છે જેને માટે વિદ્વાનો અને સભાવિત ગૃહ-
સ્થોનો ઉંચો મત બંધાયો છે વિદ્યાર્થીની વધતી
જતી સખ્યાને પહોચી વળવા અને ખુલ્લી હવા
તથા કુદરતી દેખાવનો લાભ મેળવવા ત સસ્થા-
નું પોતાનુ મકાન આવતી દીવાળીથી બધાવવા
શરૂ કરવા ઠર્યું છે જે સદગૃહસ્થ રૂ૦ ૨૫૦ તેના
ફંડમાં ભરશે તેમના નામની આરસની તકતી એક
ઓરડી પર ચોઠી તેમનુ નામ અમર કરવામાં
આવશે. ૫૦ રૂા. થી વધારે રકમ ભરનારનાં ના-
મોની આરસની તકતી પણ લાયબ્રેરી હૉલમા ચોઢ-
વામાં આવશે દરેક જ્ઞાતિ બંધુને અને પરમાર્થ-
પરાયણ પુરૂપને આ સસ્થાને મદદ કરવા વિનતિ
કરીએ છીએ લખો -

સેક્રેટરી ‘પાટીદાર બોર્ડિંગહાઉસ’-સુરત.

અનુક્રમણિકા.

ॐ

બાલ-પ્રાર્થના.

૧.

य शैवास्समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो
बौद्धा बुद्ध इति प्रमाणपटव कर्त्तेति नैयायिकाः।
अर्हन्नित्यथ जैनशासनरता कर्मेति मीमासकाः
सोऽय ना विदधातु वाञ्छितफल त्रैलोक्यनाथो हरिः॥

જેને શિવના ઉપાસકો 'શિવ,' વેદાન્તીઓ 'બ્રહ્મ', બૌદ્ધો 'બુદ્ધ', પ્રમાણકુશળ નૈયાયિકો 'કર્ત્તા,' જૈન ધર્મવાળાઓ અર્હન્ અને મીમાંસકો 'કર્મ' એવા નામથી ઉપાસે છે, તે ત્રણ લોકનો નાથ શ્રી હરિ અમને વાંછિત ફળ આપો.

૨.

* પ્રભાતીઉં.

અખિલ બ્રહ્માંડના નાથને નિત્ય હું,
　　પ્રેમ-ભક્તિ થકી પાય લાગુ,
દુર્મતિ ટાળી સન્મતિ સદા આપશો,
　　એજ વરદાન ભગવાન માગુ
નિંદ્ય નિષ્ઠુર કીધાં કૃત્ય મે અતિ ઘણાં,
　　નાથ કરવા ક્ષમા હાથ તારે,
દીનવત્સલ દયા-નિધિ નિજ દાસનાં,
　　વિપતિ ભય સકટો તુ નિવારે
શરણ છું ચરણ પ્રતિ પ્રણમી પ્રણિપત કરૂ,
　　સ્મરણ હૃદયે ધરૂ નિત્ય તારૂ,
વિનતિ ચિત ધરો પાપ પ્રભુ પરહરો,
　　પ્રેમથી સાંભળો સ્તવન મારૂ

---

* પેટલાદ બોર્ડિંગહાઉસની સવારની પ્રાર્થના.

સત્ય સચ્ચિદ્‌ઘના સાક્ષી સર્વોત્તમા,
સર્વદા ક્ષેમ કલ્યાણદાતા;
પરમ કરૂણા થકી, પ્રાણી માત્રો તણા,
ચિત્તને દ્યો, તમે શાન્તિ શાતા.

અલ્પમતિ છુ પ્રભુ સ્તવન તે શુ કરૂ,
નમ્ર ભાવે તને નિત્ય વદુ,
નીતિ સન્માર્ગમાં બુદ્ધિ પ્રેરી સદા,
સદ્‌ગતિ આપશો ન્યાયસિંધુ.

ધન્ય ! તારી ગતિ ધન્ય ! તારી કૃતિ,
શુકસનકાદિકો કો ન પામ્યા;
ઋષિમુનિ વેદમંત્રે સ્તુતિઓ કરે,
નેતિ અંતે વદીને વિરામ્યા.

પ્રભુ કરો અનુગ્રહો અવગુણો નવ લહો,
ભક્તનો કર ગ્રહો રે કૃપાલા,
ધર્મ ધારણ કીધો નિજ પ્રજા પાળવા,

રાખું વિશ્વાસ હું વિશ્વપાલા.
સૃષ્ટ વસ્તુ થકી ભિન્ન પ્રભુ છો તમો,
શુદ્ધ ચૈતન્ય રૂપે વિરાજો,
જ્ઞાન ઇચ્છા ક્રિયા સબલ શક્તિ થકી,
વિશ્વમાં પૂર્ણ પ્રભુતાથી ગાજો
ભવપતિ પ્રભુ તને વિસ્તરી શુ કહુ,
કૃતિ નથી તુ થકી કાઇ છાની,
વિનય ભાવે તને વિનતિ હુ જે કરૂ,
સર્વ લેશો તમે નાથ માની.
દ્વાર તારે પ્રભુ આવી વિનતિ કરૂ,
નવ કદિ ચરણથી વિમુખ કરશો.
પતિતપાવન પ્રભુ પ્રાર્થનાઓ સુણી,
વરદ શુભ હસ્ત મુજ શીર્ષ ધરશો.
યોગ્ય નથી તદપિ પ્રતિપાલન પ્રભુ કરો,
પ્રેમ રાખો સદા દાસ જાણી;

હે કૃપાનાથ ઉપકાર અતિ તાહરો
માની નિત્યે વદુ નમ્ર વાણી
ગણુ અભિલાષ અવિનાશ પદ પામવા
યોગ્યતા આપવી હાથ તારે,
સર્વ અપરાધ કરશો ક્ષમા દાસના,
સત્ય વિશ્વાસ આધાર મારે
નમોં નમોં નિત્ય પ્રભુ પ્રાર્થના હુ કરૂ,
ચિત્તમા પ્રેમ લાવી સ્વીકારો
સિદ્ધિ આપો સદા શુદ્ધ ઉદ્યોગમા
વિઘ્ન આપત્તિ સર્વે નિવારો
દાસના દોષ પર રોષ નવ લાવશો.
ભક્તની સર્વ છે લાજ તુને.
કામના મન તણી પૂર્ણ કરીને સદા,
શરણ રાખો મહારાજ મુને
નિત્ય સાષ્ટાંગ નમોં નાથ તમને કહુ,
ગણી સપૂર્ણ પ્રભુ પ્રેમભક્તિ,

ત્રિવિધ પુરૂષાર્થ સંપૂર્ણ હું ભોગવી,
પામું તારી પ્રભુ સમિપ મુક્તિ

ભોળાનાથ સારાભાઈ

૩

રાગ, પ્રભાત

હે પ્રભુ નામ તારૂં જપું પ્રીતથી,
ગીત રૂડી સદા એ રચાવો.
ધર્મને ધારી રહું કરણી ઉત્તમ લહું,
આપ આપો મને એજ લ્હાવો હે

ટાળવા પર પીડા દીન સંભાળવા,
ભાળવા ગ્રંથ જ્ઞાને ભરેલા.
સ્હાય થઈ શ્રીહરિ સાધના આપજો,
ઈચ્છું અભિલાષ એવા સરેલા—હે

મન અને વાણીથી કર્મથી પણ વળી,
પ્રાણીનું હિત કરવા જ પ્રેરો,

નાથ કરશો તમે લવ કૃપા નેહથી,
   સ્હેલથી સુધરે જન્મ ફેરો—હે
નિંદ્ય વિચાર ને નિંદ્ય આચારનો;
   અંતરે ભાવ સ્વપ્ને ન આવો;
પુનિત એવી મતિ, પુનિત નીતિ વળી,
   પ્રભુ સદા મુજ હૃદયે રખાવો—હે.

ઉપજી ઉર્મિ જેવી મુજ અંતરે,
   વર્ણવી તેવી વિભુ તુજ આગે;
ઉચિત ધારો પ્રભુ તેટલું આપજો,
   ભક્ત તો ભાવતું સર્વ માગે—હે.

આપ કરૂણા તણાં કિરણ લવ પામતાં,
   દીનતા દાસની સ્હેજ જાશે;
લીન થઈ ભક્તિમાં ભાવ ધરી ભાવથી,
   સેવકરામ સુત ગુણ ગાશે—હે.

છોટાલાલ સેવકરામ.

૪

પ્રભાત.

આપજો આપજો, સારૂ સઘળુ મને,
હે પ્રભુ, આજ આખા દિવસમા,
બાલ ગણી વ્હાલ મારા ઉપર આણજો,
જેથી હુ રહુ બધા દિવસ સુખમા

આપજો આપજો બુદ્ધિ બહુ આપજો,
રાખજો મારૂ આ શરીર સારૂ;
આપજો આપજો સારી મતિ આપજો,
જેથી હુ કામ ન કરૂ નઠારૂ.

આપજો આપજો સદ્ગુણો આપજો,
આપજો વળી બહુ શુભ વિચારો;
આપજો આપજો આપની ભક્તિને,
આપજો વળી મને સગ સારો

આપજો આપજો મીઠી વાણી મને,
રાખજો મારૂં મન ખૂબ રાજી,

સૌનું હુ કામ કરૂ એવુ બળ આપજો,
સૌની સેવા કરૂ જેથી ઝાઝી.
સૌથી બહુ આપજો આપ પ્રભુની કૃપા,
જેથી મળશે મને જે હુ માગુ;
માગ્યુ નથી સારૂ જે તેહ પણ આપજો,
એટલુ બોલી હુ પાય લાગુ.

શ્રીમદ્ ઉપેન્દ્ર.

૫.

વસંતતિલકા. *

નિદ્રા મહી નહિ હતુ તનભાન જ્યારે,
જેણે જુઓ પુરણ રક્ષણ કીધુ ત્યારે,
તેને પ્રભાત સમયે પ્રથમે સ્મરૂ રે,
કાર્યો બધાં દિવસનાં પછીથી કરૂં રે.
જીવોનુ પાલન કરે પ્રીતથી સદા એ,
રે જીવ કાજ રચના જગની જણાયે,

* સુરત યુ. મં. પાટીદાર બોર્ડિંગ હાઉસની સવારની સ્તુતિ.

તેજસ્વી સૂર્ય શશી નિત્ય પ્રકાશતા રે,
દે જીવને જીવન શક્તિ વધારતા રે.
ટાળે તિમિર ગગને ભમી દિન રાત,
આરામની નથી તહીં પળ એક વાત;
થાકયો બધા દિવસના શ્રમથીજ પ્રાણી,
રાત્રિ ભલી સુખ દીએ ભર નીંદ આણી.
જો મેઘમંડળ કરે નિયમિત વૃષ્ટિ,
સંતોષ ને હરખ માંહી ફૂલાઈ સૃષ્ટિ,
પૃથ્વી વનસ્પતિ વડે ધન ધાન્ય આપે,
પ્રાણી તણાં કઠિન કષ્ટ અનેક કાપે.
શું આ સૃજ્યાં પવન પાવક પાણી ઈશે,
પ્રાણી તણું જીવન એ ત્રણ નિત્ય દીસે,
જો ચાકરી મનુષની ત્રણને દીધી છે,
શું સુખ સાધન તણી રચના કીધી છે.
આહા! પ્રભુ! મનુષને મન બુદ્ધિ આપી,
સત્તા વડી સહુ જીવો પર તેની સ્થાપી;

५०८८

એવું રૂડું સદૈવ પાલન જે કરે છે,
તેને ભુલી નહિ ભજે જન પાપી છે તે.
માગું સુબુદ્ધિ પ્રભુજી નીતિ પથ વાળો,
ભૂલાવતા સરવ સંશય મુજ ટાળો;
છે મુજ ધર્મ ગણી કામ બધાં કરૂં રે,
સદ્‌ભક્તિથી પ્રભુ તણા ચરણે ઠરૂં રે.

મધુવચરામ.

૬.

* ભુજંગી

અહો નાથ! ઉભા અમે હાથ જોડી,
કરો રંક સામે કૃપા દૃષ્ટિ થોડી;
સદા તાપ ને પાપથી તો ઉગારો,
અમે માગીએ ઈશ એ પ્રેમ તારો.
ઉગ્યો સૂર્ય તો પૂર્વમાં પૂર તેજે.

---

* સવારની સ્તુતિ.

ગઈ રાત વીતી જુઓ વાત સ્હેજે;
પ્રભો ! તું વિના કોણ સંભાળનારો,
અમે માગીએ ઈશ એ પ્રેમ તારો.
પશુ પક્ષીને પ્રાણિઓ કામ લાગ્યા.
પછી એમ ઉદ્યોગમાં સુખ માગ્યા;
અમારી પ્રભો ! બુદ્ધિ વિદ્યા વધારો,
અમે માગીએ ઈશ એ પ્રેમ તારો.
કુડાં દુખ કાપી રૂડાં સુખ આપો,
અમારા શિરે **નાથજી** હાથ થાપો,
સુખે જાય આ આજનો દિન સારો,
અમે માગીએ ઈશ એ પ્રેમ તારો

૭

***શિખરિણી.**

પ્રભો અંતર્યામી,જીવન જીવના **દીન**શરણા,

---

* સુરત પાટીદારયુવકમંડળ બૉર્ડિંગ હાઉસની સાંજની સ્તુતિ.

પિતા માતા બંધુ, અનુપમ સખા હિતકરણા;
પ્રભા કીર્તિ કાંતિ, ધન વિભવ સર્વસ્વ જનના,
નમુ છુ વદુ છું વિમલમુખ સ્વામી જગતના.

સહુ અદ્ભુતોમાં, તુજ સ્વરૂપ અદ્ભુત નીરખું,
મહાજ્યોતિ જેવુ, નયન શશીને સૂર્ય સરખુ;
દિશાની ગુફાઓ, પૃથિવી ઉડું આકાશ ભરતો,
પ્રભો તે સૌથીએ, પર પરમ તુ દૂર ઊડતો.

પ્રભો તું આદિ છે, શુચિ પુરુષ પુરાણ તુંજ છે,
તુ સૃષ્ટિ ધારે છે, સૃજન પ્રલયે નાથ તુજ છે;
અમારા ધર્મોનો, અહરનિશ ગોપાલ તુજ છે,
અપાપી પાપીનુ, શિવસદન કલ્યાણ તુંજ છે.

પિતા છે એકાકી, જડ સકળ ને ચેતન તણો,
ગુરુ છે મોટો છે, જનકુલ તણો પૂજ્ય તુ ઘણો,
ત્રણે લોકે દેવા, નથી તુજ સમો અન્ય ન થશે,
વિભુરાયા તુંથી, અધિક પછી તો કોણુજ હશે?

વસે બ્રહ્માંડોમાં, અમ ઉર વિષે વાસ વસતો,
તું આઘેમાં આઘે, પણ સમીપમાં નિત્ય હસતો;
નમું આત્મા ઢાળી, નમન લળતી દેહ નમજો;
નમું કોટી વારે, વળી પ્રભુ નમસ્કાર જ હજો.

અસત્યો માંહીથી, પ્રભુ પરમ સત્યે તું લઈ જા
ઉંડા અંધારેથી, પ્રભુ પરમ તેજે તું લઈ જા;
મહા મૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઈ જા,
તું હીણો હું છું તો, તુજ દરસનાં દાન દઈ જા.

પિતા પેલો આઘે, જગત વીંટતો સાગર રહે,
અને વેગે પાણી, સકળ નદીનાં તે ગમ વહે;
વહો એવી નિત્યે, મુજ જીવનની સર્વ ઝરણી,
દયાના પુણ્યોના, તુજ પ્રભુ મહાસાગર ભણી.

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઉચરું,
કૃતિ ઈંદ્રિયોની, મુજ મન વિષે ભાવ જ સ્મરું;

સ્વભાવે બુદ્ધિથી, શુભ અશુભ જે કાંઇક કરૂં,
ક્ષમા દષ્ટે જો જો, તુજ ચરણમાં નાથજી ધરૂં.

નાનાલાલ.

૮

દીનનો દયાળ છોડી કોને શરણ જાઉં-ધ્રુવ.
માત તાત જાણી પ્રભુ, ચરણ પ્રતિ ધાઉં;
પામીને પ્રસાદ પૂર્ણ, કૃતિ કૃતાર્થ થાઉં-દીનનો૦
નીતિ ભક્તિરૂપ પુણ્ય તીર્થમાં હું નાહું;
પરમ ઇષ્ટ બ્રહ્મની, હું સ્તુતિ ગુણ ગાઉં-દીનનો૦
પ્રભુ કૃપા નિધાનની હું પૂર્ણ કૃપા ચાહું;
સંકટ સમય નાથ પલ્લવ હું સાહું-દીનનો૦
નમી નમી પરાત્પરા હું તારે ચરણ આવું;
પ્રેમ પુણ્ય અંજલિ પ્રભુ પદે વધાવું-દીનનો૦

ભોળાનાથ સારાભાઈ.

૯

પરમેશ્વર પૂર્ણ કૃપાલ તમે,
નમીએ મળી ભક્ત સમસ્ત અમે,
વિનતિ વિભુ સર્વ ચિત્તે ધરશો,
પરિતાપ કૃપાથી બધા હરશો

અતિ અદ્‌ભુત સુંદર સૃષ્ટિ દીસે,
સ્તુતિ પૂર્ણ તમારી કદી ન થશે.
કરુણા ઉપકાર કરો સઘળે,
નહિ જીવ થકી કદી પાડ વળે

જગદીશ તમે જગધારક છો,
સહુ પ્રાણી તણા ભયહારક છો,
જનમંડલને સુખકારક છો,
પ્રભુ તારક તારક તારક છો.

પ્રભુ હે! પ્રભુ હે! પ્રભુ હે! પ્રભુ હે!
અપરાધ ક્ષમા કરશો પ્રભુ હે!

પ્રણમી પ્રણમી તમને કહીએ,
પરમાર્થનું સાધન દ્યો અમને,

પ્રભુ દોષ કદાપિ ન લક્ષ ધરો,
કરુણામય દૃષ્ટિ કૃપાથી કરો,
નથી કોઈ, વિના પ્રભુ, બેલી ખરો,
મનના સહુ મંગલ અર્થ પૂરો.

ભવસાગર દુસ્તર નાથ ઘણો,
અમને શુભ આશ્રય આપ તણો;
તરીએ પ્રભુની કરુણા બલથી,
જીવતારક કોઈ, વિના તું નથી.

સહુ કિલ્બિષ કલેશ તમે હરશો,
પ્રભુભક્તિ સદા હૃદયે ભરશો;
તવ મંગલ હસ્ત શિરે ધરશો,
અભિષેક કૃપાજલથી કરશો.

જય દેવ દયાનિધિ વિશ્વપતિ,
કરુણા કરી દ્યો અમને સુમતિ;

ઉપકાર અમે પ્રભુના સ્મરીએ,
જનમંગલ કાર્ય સદા કરીએ.

પ્રભુ મંગલ મંગલ ભાવ ધરો,
ભય દુઃખ વિપત્તિ સમસ્ત હરો;
કરુણામય દૃષ્ટિ કૃપાંથી કરો,
મનના પ્રભુ સર્વ મનોર્થ પૂરો.

કુસુમાંજલિ પ્રેમની આ સમયે,
કરી અર્પણ નાથ પદે વિનયે;
કહીએ તમને અતિ શુદ્ધ મને,
શુભ પથ સદા સૂચવો અમને

શુભકારી તમે પ્રભુ આશિષ દ્યો,
સ્તુતિ પ્રાર્થનમાની કૃપા થકી લ્યો;
નિજ દાસ તણો પ્રભુ હાથ ગ્રહો,
પરમેશ સદૈવ પ્રસન્ન રહો.

ભોળાનાથ સારાભાઈ.

૧૦.

પદ-ભૈરવી કે દેશી.

અરજ સુણો અવિનાશી,
અમારી અરજ સુણો અવિનાશી-ટેક.

આપ દયાળ અમે સૌ બાળક,
એક આમારી આશ—અમારી.

વાંક કરે બાળક તો બહુએ,
થશો ન લેશ ઉદાશ—અમારી.

ભણતર ભણવા ભેળાં થઈએ,
કરશો નહિજ નિરાશ—અમારી.

શુભ ગુણ લઈએ સહુએ સમજી,
ન રહે લેશ કચાશ—અમારી.

આપ શુભ મતિ સદ્‌ગુણ સાથે,
સહુમાં થાય સમાસ—અમારી.

નિર્મળ મનમાં નિશદિન રહીએ,
પસરે જેમ સુવાસ—અમારી.
સુખથી એવું માગી લહીએ,
અંતર થાય ઉજાસ—અમારી
આપ તણો આધાર મળ્યાથી,
હૈયામા છે હાશ— અમારી
ન રહે લેશ કુધારો કદી પણ,
સુખનો થાય ન નાશ—અમારી,

'કેશવકૃતિ'

૧૧.
ઝીંઝોટી

પ્રણતપાલ આપ એક શરણ છો અમારું.
ધરણીધર ધરતી પર અન્ય હુ ન ધારૂ—પ્ર૦
ધન જન તન ધામ ધરા નોબત નગારૂ,
પુત્ર મિત્ર કે કલત્ર સર્વ છે તમારૂ—પ્ર૦

આ ભવાબ્ધિમાં અનાદિ ઈશ હું ઉતારૂ;
કર્ણધાર આપ એક કેમ હું વિસારૂં ૨—પ્ર૦

સકટ સહુ દૂર જાય થાય સર્વ સારૂં;
ચપલાપતિ ચિત્તમાં ન એ વિના વિચારૂં—પ્ર૦

માનવતનરૂપ કોહિનૂર હું ન હારૂં;
કેશવ હરિ એક એજ છે અભીષ્ટ મારૂ—પ્ર૦

'કેશવકૃતિ.'

૧૨

દીડી.

નાથ! શરણ હું પડ્યો હવે તમારે,
અન્ય ઓથ નથી ઈશ કોઈ મારે:
બુદ્ધિ આપશો સદૈવ દેવ જેવી,
ક્રિયા સર્વ હું કરી શકીશ તેવી,
ધર્મ કર્મની ન વાત લેશ જાણું,
માન મૂર્ખતા વડે મમત્વ તાણું;

પાઠ-પૂજનમાં પ્રીતિ મેં ન કીધી,
કર્મ-દોષ વડે દુષ્ટ વાટ લીધી.
દયાસિંધુ છો ઉદાર ચિત્તવાળા,
જાણતાં છતાં જપી ન નામમાલા,
વધુ શું કહું ! થયા કરે બળાપો,
દીનબંધુ કૃપાસિંધુ કષ્ટ કાપો,
દુઃખ દૂર થાય એજ ઈષ્ટ માગુ.
પ્રેમથી પસારી હાથ પાય લાગુ,
પાપ પુણ્યના વિચારને વિસારી,
હાથ કેશવ હરિ ધારજો પધારી.
'કેશવકૃતિ'

૧૩.

પદ ધન્યાશ્રી.

તું મારો આધાર દયાનિધિ,
તું મારો આધાર—ટેક.

અશરણ શરણ નામ શુભ તારૂં,
તું કર મારી વા'ર–દયાનિધિ.
જ્યાં જોઉં ત્યાં અપાર લીલા,
અકળ ગતિ આકાર–દયાનિધિ.
રૂપે રંગે કે જર લોભે,
જગત જનોનો પ્યાર–દયાનિધિ.
સકળ વિકળતા ટાળી દઈને,
વીખ વિષયથી વાર–દયાનિધિ.
બાનાની પત રાખ પતિ તું,
પ્રાતે પતિતોદ્ધાર–દયાનિધિ.
અભય અચળ પદ તારૂં સારૂં,
યાચું વાર વાર–દયાનિધિ.
ન્યાયી છતે પણ ક્ષમા કરીને,
તારી પાર ઉતાર–દયાનિધિ.
તુજને ગમતાં કામ કરીને,
કા'ન લહું વિસ્તાર–દયાનિધિ
'કહાનકાવ્ય.'

૧૪.

આપ છો અનાથ નાથ, દીન હું ભીખારી,
બારણે પુકારૂં પ્રભુ, પ્રાર્થના તમારી—આપ
વાયુ આ પ્રચંડ વાય, હૃદય નાવ ઝોક ખાય,
નાથ આપ થાવ સ્હાય, લ્યો મને ઉગારી—આપ
આપ માત, તાત, ભ્રાત, શુણી એક દીન વાત,
રાખો બાળ અંક તાત, સંકટો નિવારી—આપ
અંતરે તપે છે તાપ, પીડતાં પ્રભુજી પાપ;
ટાળશો સંતાપ આપ, પ્રાર્થના સ્વીકારી—આપ
પાય નાંખી બેઉ હાથ, યાચું બાલ હું અનાથ,
મસ્તકે કૃપાળુ હાથ, મૂકો સુખકારી—આપ

નર્મદાશંકર બાલાશંકર

૧૫.

ભુજંગી

અહો દેવના દેવ હે વિશ્વસ્વામી,
કરૂં હું સ્તુતિ આપની શીષ નામી;

દયાળુ પ્રભુ આપદાથી ઉગારો,
દીનાનાથ તુ એક આધાર મારો.

પ્રભુ માત ને તાત છો આપ મારા,
તમે છો સદા સર્વને પાળનારા;
કીધા છે કરોડો તમે ઉપકારો,
દીનાનાથ તુ એક આધાર મારો.
હું છું રાંકનો રાંક અજ્ઞાન પ્રાણી,
ન મારી કશી વાત તુથી અજાણી;
કરો હે દયાળુ ક્ષમા વાંક મારો,
દીનાનાથ તુ એક આધાર મારો.

અમે બાળકો બોલીએ હાથ જોડી,
અમારી મતિ હે પ્રભુ છેક થોડી;
કૃપા લાવીને પ્રાર્થના દીલ ધારો,
દીનાનાથ તું એક આધાર મારો.
અમે ને કુટુંબી જનો જે અમારાં,
રહીએ શરીરે સુખી સર્વ સારાં;

સદા આપજો આપ સારા વિચારો,
દીનાનાથ તું એક આધાર મારો.

નથી મેં કરી આપની કાંઈ ભક્તિ,
નથી આપના ગુણ ગાવાની શક્તિ;
દયા લાવીને દાસ દુઃખો નિવારો,
દીનાનાથ તું એક આધાર મારો

૧૬.

(નાથ કૈસે ગજકો બંધ છુડાયો—એ રાગ)

પ્રભુ મારા હૃદય મંદિરે પધારો,
સુનીતિ સુધૈર્ય વધારો. પ્રભુ. ટેક

કરુણા કરો સુમતિ વર માંગુ,
નિંદ્ય બુદ્ધિને નિવારો;
ક્ષમા કરો અપરાધ વિસારો,
બાંહ્ય ગ્રહી મને તારો. પ્રભુ.

ઉત્પત્તિ જીવની આપ કરો છો,
પાલન લાલન પ્રીતે;

તાડનની પણ શક્તિ તમારી,
શાસ્ત્ર વદે છે સુરીતે. પ્રભુ.
ષડ્રિપુ જગને જે ઠગનારા,
જીવને બંધનકારી;
રાખો પરા પ્રભુ મુજ મનથી,
અંતર વિનતિ ઉતારી પ્રભુ.
દેવ દાનવ તેમ માનવ કોઇ,
ગહન ગતિ નવ જાણે;
નિર્મ્યો ભાગ સરવકો ભજવે,
પાત્ર નાટકનાં પ્રમાણે. પ્રભુ.
સંરક્ષણ ક્ષણ ક્ષણ તું કરે છે,
ઉપકૃતિ ઉરમાં ન માયે;
મહિમા તારો અદ્દભુત મોટો,
ત્રિભુવનમાં તે ગવાયે. પ્રભુ.
સરજનહાર આધાર તમારો,
તારો પાર ઉતારો,

છોટાલાલના સ્વામી સુણજે,
આરતના ઉચ્ચારો. પ્રભુ.
છોટાલાલ સેવકરામ.

૧૭

દોહરા.

જેની શક્તિથી થયાં, ભૂમિ જળ ગિરિ આકાશ,
જશ જેના બહુ બહુ વળી, વંદું તે અવિનાશ.

ચંદ્ર સૂર્ય ગ્રહની ગતિ રાત્ર દિવસ ઋતુ સાર;
ધાતુ ઝાડ જનાવરો, સાનો તુજ આધાર.

તજવીજે સંસારમાં, કીધી શી ભગવંત,
ચતુરાઇ પરમાર્થમાં, ડહાપણમાં તું અનંત;

તુજ નીતિના રાજમાં, પાળ મને પરમેશ;
સદ્‌ગુણમાં હર ઘડી રમું, એજ કરવ ઉદ્દેશ.

અપરાધી પાપી ઘણો, કરૂં હું નિર્લજ કામ;
તે સૌથી ઉગાર તું, કરગરી કહું સત નામ.

કવિ નર્મદાશંકર.

૧૮

શાર્દુલવિક્રીડિત.

દીનાનાથ દયાળ તુ જગતમાં,
દાતા દુખીઆ તણો,
પ્રાણી માત્ર રહી મહીતળ સહુ,
આભાર માને ઘણો,
ભાનુ ચંદ્ર વિરાજતા ગગનમાં,
તારા પ્રકાશે અતિ,
ગિરિ, સાગર, ઝાડ, પાન સઘળાં,
માનું હુ તારી કૃતિ.
વાડી ખેતરમા ફુલો મઘમઘે,
રૂપે રળીઆમણા,
ભૂમિ ઘાસ છવાયલી ખુશનુમા,
શોભા તણી ના મણા,
કોટી કોટી લઘુ જીવો પવનમાં,
ન્હાસે રમે સૌ મળી,

આકાશે બહુ શોભતાં ખગચરો,
ઉડે ફરે તે વળી.
ઝાડી રાન મધ્યે રહે વનચરો,
ખાયે ખુશીમાં વસે,
લીલા એ સહુ ઈશ્વરી નિરખતાં,
બુદ્ધિ જ પાછી ખસે,
પાપી માનવી ક્લેશમાં રઝળતો,
દીસે ઉદાસી ખરે;
આશામા રહી કાળ તે નિરગમે,
ભામા વૃથા તે કરે.
માયા તો અદ્‌ભુત છે હરિ તણી,
થાએ નહિ માપરે.
પીડા કારણ શું હશે જગતમા,
શોધ્યા તણુ પાપરે;
માટે વિનતિ હું કરૂં કરગરી,
પ્રીતે શુણી રાખજે;

પાપો ઘોર કીધાંજ મેં સરવદા,
બાળી સહુ નાખજે.

નંદશંકર.

૧૯

કલ્યાણ.

શ્રી જગત્પતિ પ્રભુ આપ સન્મતિ,
સર્વ બાળકો કરે છે આજ વિનતિ;
કુમતિ કાપીને, તુ આપ સન્મતિ,
જેથી આ જગે ન થાય પાપ તો રતિ. શ્રી૦

સર્વ જગતનો કર્ત્તા તું છે, અંતરજામી બાપ;
પૃથ્વી પાણી ઝાડ પર્વતો, અનાજ બીજ અમાપ. શ્રી૦

સર્વ બાળકો અરજ કરે છે, કષ્ટ અમારાં કાપ;
વિદ્યાની વૃદ્ધિ કરવામાં, મદદ અમોને આપ. શ્રી૦

બે કર જોડી પ્રણામ કરીએ તુજને વારંવાર;
સઘ અમારાં વિઘ્ન હરીને, સુજશ આપ નિરધાર. શ્રી૦

૨૦

પ્રભુના ચરણે શિષ તો ઢળતાં,
અમ અંતર આજ પ્રફુલ્લ થતાં,
સહુ પાપ તણી પ્રભુ માફી દીજે,
સદ્બુદ્ધિ બહુ અમ અંતર દે

શુચિ-સ્નેહ તણા પ્રભુ મંત્ર લીજે,
દીનદાઝ સદા ઉરમાં ઉભરે.
પરહિત મહીં નિત જીવનની,
ઝરણી વહજો દીન બાળતણી,

સદ્ભાવ ધરૂં, શુભ વાણી વદું,
શુભ કામ કરૂં, સતનામ જપું,
બળ, બુદ્ધિ વળી, ધન માલ સહુ,
પરહિત મહીં ખરચું પ્રભુ હું

તનમાં મનમાં બળ સિંચન તું—
કરી દે, અમ અંતર વિકસતું;

જગતાત શિરે નિજ હાથ ધરો,
પછી બાળકને ભય હોય કશો?

ભૂમિપુત્ર

૨૧.

પદ.

દોષ કોપ દાસના ક્ષમા કરી,
ત્રિવિધ તાપ સર્વ ટાળ શ્રી હરિ હરિ–દોષ કોપ.
કામ, ક્રોધ, લોભ મોહ મત્સરે મદે,
ષડ્ રિપુ અવાસ સદા નાથ મમ હદે,
ભક્તિ મન ભરી, કર દયા ખરી,
ત્રિવિધ તાપ સર્વ ટાળ શ્રી હરિ હરિ–દોષ કોપ.

(ચાલ)

ઈર્ષ્યા રાગ દ્વેષ પ્રભુ દૂર કીજીએ,
આપી ભક્તિ જ્ઞાન દાન શાંતિ દીજીએ;
નમું ફરી ફરી, ધ્યાન તવ ધરી,
ત્રિવિધ તાપ સર્વ ટાળ શ્રી હરિ હરિ–દોષ કોપ.

પ્રાણજીવન.

૨૨.

(હે પ્રભુ તારી કુદરત ન્યારી– એ લય)

જય જય જગપતિ તમને નમિયે.
પ્રેમે કર જોડી વીનવીએ.
તુંજ અમારો માતપિતા છે,
તુંજ મિત્ર ભગિની ભ્રાતા છે.
તુંજ અમારો સુખદાતા છે,
તુજ શરણે સુખથી સહુ રમીએ
તેં અમ કાજે સર્વ બનાવ્યું,
અન્ન પવન જલ દાન જ આપ્યું,
અમ જીવન આ તેંજ નિભાવ્યું,
તુજ કરૂણા રૂપ અમૃત પાયું:
ગર્ભ મહીં અમ રક્ષણ કીધું,
બાળપણું પણ સાચવી લીધું;
હવે અમ જીવન ચલવો સીધું,
અંતે નિજ સ્વરૂપે જઈ શમીએ:

દલપતરામ નાથજી પુરાણી..

૨૩.

પદ. (દાસ પરે દયા લાવો રે. એ રાગ.)

બાળક હું છું તમારોરે, પ્રભુ પિતાજી, બાળક.
હેત અધિક વધારોરે, પ્રભુ પિતાજી, બાળક.
હુ તો ના તમને ભજતો, સારૂં તે ન સમજતો,
દુ:ખથી પણ મને ન મારો મારોરે, પ્રભુ૦
જીભ પર નથી કાબુ મારો, કરૂ હુ ખોટો લવારો,
શિખવાડો બોલ સારો સારોરે, પ્રભુ૦
સારી વાણી બોલાવો, સારાં કામો કરાવો,
પકડીને હાથ મા'રો મા'રોરે, પ્રભુ૦
ઉજડ છે મારૂં અંતર, કરો ત્યાં સુંદર વાવેતર,
ખીલવો વિદ્યાનો ક્યારો ક્યારોરે, પ્રભુ૦
ઉજળું મારૂં મન કરજો, ઝગઝગતી બુદ્ધિ દેજો,
જેવો આકાશે તારો તારોરે; પ્રભુ૦
પ્રભુ! મને બાળક જાણી, હેત હૈયામાં આણી,
મસ્તક પર હાથ ધારો ધારોરે; પ્રભુ૦

શ્રીમદ્ ઉપેન્દ્ર.

૨૪.

વસંતતિલકા.

જુદા જુદા ધરમના જગ મધ્ય પંથો,
જુદા જુદા ધરમના ગુણવંત ગ્રંથો,
નામો જુદાં ધરી ભજે જન સર્વ જેને,
તે એક ઈશ્વર સદા નમું નિત્ય તેને

જેને પ્રસન્ન કરવા જન ધર્મ પાળે,
જેને પ્રસન્ન કરવા દીલ દોષ ટાળે.
સર્વે તણો જન કહે અધિનાથ એને,
તે એક ઈશ્વર સદા નમુ નિત્ય તેને

જેનો ન હોત ડર તો જન દુષ્ટ થાત,
અન્યોન્ય ઘાત ઘડીને અતિ તે પીડાત.
કષ્ટે દયા કરી ન દે સુખ કોઇ કેને,
તે એક ઈશ્વર સદા નમુ નિત્ય તેને

જૂઠું વદે નહિ જીભે જન પાપ જાણી,
લૂટે નહિ ગરીબને અતિ લોભ આણી;

રાખે દિલે ડર રૂડે પ્રભુજી રખેને,
તે એક ઇશ્વર સદા નમુ નિત્ય તેને.

દલપતરામ.

૨૫.

* ગઝલ

વિરાજે વ્યોમમા ઉચે, વળી નિસીમ પાતાળે,
રહે તુ પૂર્વ પશ્ચિમે, દીસે ઉત્તર દક્ષિણે
વસે નૈઋત્ય વાયવ્યે, અને ઇશાન અગ્નિએ;
દશે દિશા પ્રભુ ત્હારો, ગ્રહે વિસ્તાર નવ ન્યારો.
વિભુ તુ વિશ્વવ્યાપી છે, છતાં અ તર સ્થાપિત છે;
રહી અ તસ્થ અ તરમા, નિર તર તુજ મ દિરમાં.
નમુ તુને, ભજુ તુને, અલૌકિક ભાવથી તુને;
બીજું હુ એટલુ માગુ, તને જન અ તરે સેવું.
સુતેલાને જગાડુ હુ, પડેલાને ઉઠાડુ હું,
બતાવુ માર્ગ ભૂલ્યાને, પ્રીતે દોરૂ હુ અ ધાને.

---

* સુરત-અનાવિલ બોર્ડિંગની પ્રાર્થના.

ગમે તે વર્ણનાં હોયે, ગમે તે ધર્મ છો પાળે,
ગમે તે જાતિનાં હોયે, સહુ સંતાન તારાં એ.
પિતા સંતાન તારાં તે, સહોદર સર્વ મારાં છે;
પ્રભુ સહુ પર અમી દ્રષ્ટિ, કરી કર શાંતિની વૃષ્ટિ

વીરબળ. હ. મહેતા.

૨૬

જય ત્રિભુવન ત્રાતા સ્વામિ, ઘટ વ્યાપક અંતરયામિઃ
બળવંતા છો બહુનામી, સર્વેશ્વર સદ્‌ગુણ ગામિઃ—
સર, સરિતા, સાગર, ગિરિ, ઝરણાં,
ઝાડ પાન ફળ ફૂલ
સૂર્ય શશી શોભિત તારક છે.
દિન રજની અનુકૂલઃ—
ઉપકાર અસંખ્યજ, સ્વામિ!
વિસરે જન નિંદ્ય હરામીઃ—

ગર્ભ વિષે અમ રક્ષણ કીધુ,
શિશુત્વ રક્ષો જેમ,
પળ પળ ક્ષણ ક્ષણ જીવન ભર,
અમ રક્ષા કરશો તેમ.
તમ ચરણ શરણ નિત્ય પામી,
સંકટ સહુ રહીએ વામી -
અણુ અણુમાં વિભુ! વ્યાપ્ત દીસો,
અમ અંતરમાં પણ આપ!
માફ કરો સહુ પાપ અમારાં,
સુખશાન્તિ દ્યો બાપ!
જય અજરામર ને અકામી,
નમીએ નિત્ય નાથ! પ્રણામી -

ચુનીલાલ રામચંદ્ર શેલત

૨૭

ગઝલ.

જ્યાં જ્યાં નઝર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની,
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની!

જોઉ અહી ત્યા આવતી દરિયાવની મોડી લહર,
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની !

તારા ઉપર તારા તણા ઝુમી રહ્યાં જે ઝુમખા,
તે યાદ આપે આખને ગેબી કચેરી આપની !

આ ખુનને ચરખે અને રાતે હમારી ગોદમા,
આ દમ બદમ બોલી રહી ઝીણી સિતારી આપની !

આકાશથી વર્ષાવતા છો ખજરો દુસ્મન બધા
યાદી બનીને ઢાલ ખેચાઇ રહી છે આપની !

દેખી બુરાઇ ના ડરૂ હુ, શી ફીકર છે પાપની !
ધોવા બુરાઈને બધે ગગા વહે છે આપની !

જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને,
અહેશાનમાં દિલ ઝૂકતુ, રહેમત ખડી ત્યા આપની !

પ્યારૂં તજીને પ્યાર કોઇ આદરે છેલ્લી સફર,
ધોવાઈ યાદી ત્યા રડાવે છે જૂદાઈ આપની !

જૂનું નવું જાણુ અને રોઉં હસું તો તે બધું;
જૂની નવી ના કાંઇ તાજી એક યાદી આપની!

ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી;
જોયુ ન જોયુ છો બને જો એક યાદી આપની!

કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખુ બધી;
છે આખરે તો એકલી ને એક યાદી આપની!

કલાપી.

૨૮

સૌનુ કરો કલ્યાણ, દયાળુ પ્રભુ
સૌનુ કરો કલ્યાણ-ટેક

માણસ પશુ પખીની સાથે,
જંતુ જીવ તમામ-દયાળુ પ્રભુ.

જગના વાસીઓ સૌ સુખ ભોગવે,
આનંદ આઠે જામ-દયાળુ પ્રભુ.

દુનીઆમાં દર્દ દુકાળ પડે નહિ,
લડે નહિ કોઈ ગામ–દયાળુ પ્રભુ.
સર્વ જગે સુખકારી વધે ને,
વળી વધે ધનધાન્ય–દયાળુ પ્રભુ
કોઈ કોઈનુ બરૂં ન ઇચ્છે,
સૌનુ ઇચ્છે સૌ સમાન–દયાળુ પ્રભુ.
પોત પોતાના ધર્મ પ્રમાણે,
સર્વ ભજે ભગવાન–દયાળુ પ્રભુ.

પ્રભુને વ્હાલાં બાળકોને સપ્રેમ સમર્પણ



અઘરા શબ્દોના અર્થ.

અકળ સમજી શકાય નહિ એવું.
અખિલ-સઘળું, આખું. અદ્ભુત-નવાઈ જેવું.
અનાદિ-આરંભ વિનાનું
અભિલાષ-ઇચ્છા અભીષ્ટ-ચાહેલું, વ્હાલું.
અવાસ-રહેઠાણ.
અમી-અમૃત અવિનાશ-નાશ વગરનું.
અશરણ શરણ-ગરીબનો બેલી. અંતસ્થ-અંતરમાં રહેનાર.
અહરનિશ-રાતદિવસ અંજલિ-ખોબો.
અંતર્યામી-અંતરમાં રહેનાર, એટલે મનના વિચાર જાણનાર
આદિ-પહેલું, પ્રથમનું. ઇષ્ટ-ઈચ્છેલું, વહાલું
ઉરમિ-ઉર્મિ-મનના તરંગ.
એકાકી-એકલો કરણી-કામ.
કર્ણધાર-સુકાન પકડનાર, સુકાની. કલત્ર-સ્ત્રી.
કામના-ઇચ્છા. કિતાબો-ચોપડીઓ.
કિરણલવ-કિરણનો અંશ કિલ્બિષ-પાપ.
કુસુમાંજલિ-પુષ્પનો ખોબો
કૃતકૃતાર્થ-જેની સઘળી ઈચ્છાઓ પૂર્ણ થઈ છે એવો.
કૃપાનિધાન-મહેરબાનીનો ભંડાર.
ખગચરો-પક્ષી, ખગચર શબ્દો ખોટો છે. ખેચર
અથવા ખગ શુદ્ધ શબ્દ છે.

કોષ-ભંડાર.

ગિરિ-પર્વત ગેબી-અદ્રશ્ય.

ગોપાલ-રક્ષણ કરનાર ઘટ-શરીર

ચપલાપતિ-લક્ષ્મીપતિ, ભગવાન.

ચૈતન્ય-પરમાત્મા. જર-પૈસો

જામ-પહોર. તાડન-મારવું તે.

તારક-તારનાર. તિમિર-અંધકાર

ત્રિલોકી-ત્રણ લોકનો.

ત્રિવિધપુરૂષાર્થ-ત્રણ જાતના પુરૂષાર્થ.

દમબદમ-શ્વાસોચ્છ્વાસ દયાનિધિ-દયાનો સાગર.

દયાળ-દયાળુ દરિયાવ-દરિયો.

દરસ-દર્શન.

દાતા-આપનાર. દ્વાર-બારણું.

દીનશરણા-ગરીબનું આશ્રયસ્થાન

દીનવત્સલ-ગરીબ પર માયા રાખનાર.

દુસ્તર-તરવો કઠણ. ધર્મ-ફરજ.

ધરણીધર-પૃથ્વીને ધારણ કરનાર, પરમેશ્વર.

ધારી-ધારણ કરી નિવારે-મટાડે.

નિ:સીમ-હદ વગરનું.

નેતિ-પરમાતમાનું સ્વરૂપ એવું અગમ્ય છે, કે તે આવુ છે એમ કહી શકાતુ નથી તે માટે આવું નથી એમ કહેવું પડે છે. જેમકે તે દૂર નથી, નાનો નથી, મોટો નથી ઈત્યાદિ.
ત્રાતા-રક્ષણ કરનાર.
ત્રિવિધિ તાપ-આધિ, વ્યધિ, ઉપાધિ.
પતિતપાવન-પાપીને પવિત્ર કરનાર.
પતિતોદ્ધાર-પાપીનો ઉદ્ધાર કરનાર
પર-ભિન્ન, જુદો.
પરમ-શ્રેષ્ઠ.
પરમાર્થ-માણસનુ ઉંચામાં ઉચુ લક્ષ્ય.
પરાત્પરા-શ્રેષ્ઠ, પરમેશ્વર.
પરા-દૂર.
પરિતાપ-દુ ખ, શોક.
પલ્લવ-પાલવ, વસ્ત્રનો છેડો
પાવક-અગ્નિ
પુનિત-પવિત્ર.
પુરાણુ-જુનો.
પ્રણમી-નમીને.
પ્રણુતપાલ-શરણે આવેલાનું પાલન કરનાર.
પ્રણિપત-નમસ્કાર
પ્રભા-તેજ.
પ્રભુતા-મોટાઇ.
પ્રસાદ-મહેરબાની.
પ્રાર્થના-સ્તુતિ
પ્રેરી-વિચાર સ્ફુરાવને
ભગિની-બ્હેન.
બહુનામી-ઘણા નામવાળા.
ભવાબ્ધિ-ભવસાગર.
ભાનુ-સૂર્ય

ભામા—ફાંફા મનોર્થ-મનોરથ-મનના હેતુ.
મહીતલ-પૃથ્વીનું તળ. મેઘમંડળ-વાદળા.
યાચું-માગું. રજની-રાત્રિ લાલન-લાડ લડાવવા તે.
લીલા-ઇશ્વરના ખેલ, એટલે જગતમા દેખાતી નાની
મોટી વસ્તુઓ
વનચરો-પ્રાણી. વરદ-વરદાન આપનાર.
વિકળતા-ગભરાટ વિપત્તિ-દુઃખ. વ્યોમ-આકાશ
વિભવ-ઐશ્વર્ય. વિભુરાયા-સર્વવ્યાપી રાજા.
વિમલમુખ-પવિત્ર. વિશ્વપાલા-જગત્ પાલક.
શશી-ચંદ્ર શાતા-શાન્તિ આપનાર
શિવસદા-કલ્યાણનું ઠેકાણું શિષ-માથુ.
શુચિ-પવિત્રતા. શિશુત્વ-બચપણ.
ષડરિપુ-કામ. ક્રોધ, લોભ, મોહ, મદ, અને મત્સર.
સખા મિત્ર. સચ્ચિદ્‌ઘના-ઈશ્વરનું એક નામ
સદ્ય-ઝટ. સર-સરોવર. સહોદર-ભાઇ. સદૈવ-હંમેશા.
સરિત-નદી. સિંચન-સિંચવું તે, રેડવું તે.
સાષ્ટાંગ-આઠે અંગ સાથે સિદ્ધિ-ફતેહ.
સૃજનપ્રલય- ઉત્પત્તિ અને નાશ. હીણું-વિના.નો.
હિતકરણા-હિત કરનાર. હૃદયનાવ-હૃદયરૂપી વહાણ

પાટીદાર-યુવકમંડળ-ગ્રંથમાળા.

ઉત્તમ અને સસ્તાં પુસ્તકો.

૧. **પ્રભાત**—એક રસભરી સાંસારિક નવલ કથા જેની ગુજરાતી ઉત્તમ નવલકથાઓમાં ગણના થઈ છે લેખક રા. પુણ્ડરીક. પૃ. ૨૫૦. પાકું પુઠું સોનેરી નામ મૂળ કી ૧-૮-૦ હાલ ૦-૧૨-૦ કાચુ પૂઠું ૦-૮-૦.

૨. **મહુન્ત.**—આર્યાવર્તની પ્રાચીન તથા અર્વાચીન સ્થિતિનો ચિતાર અને ઉન્નતિના ઉપાયોનું કાવ્યમાં દર્શન લેખક રા કલ્યાણજી વિ. મહેતા. પૃ ૬૪ કિ માત્ર એક આનો સામટી ૩ રૂા ની ૧૦૦.

૩ **પાટીદારસુબોધસંગ્રહ**—જ્ઞાતિને ઉપયોગી જુદા જુદા વિષયો પર સાદી ને સરલ ઉત્તમ ભાષામા નિબંધો લેખક રા. રણછોડભાઈ વ. પટેલ પૃ ૧૦૦ કી ૦-૮-૦ હાલ ૦-૪-૦.

૪. **કન્યાવિક્રય-દોષદર્શન.**—કન્યાવિક્રયના દુષ્ટ રિવાજ ઉપર શાસ્ત્રીય અને વ્યાવહારિક દષ્ટિએ વિવેચન. વિવેચક રા કુબેરભાઈ જે. પટેલ. પૃ. ૬૪ કિ. ૦-૨-૦ સામટી રૂા. ૬-૪-૦ની ૧૦૦.

નવા પ્રકટ થનાર ગ્રંથો.

૫. ગોપ-કાવ્ય.-ખેડુજીવનને લગતાં કાવ્યોનો અપૂર્વ સંગ્રહ, શ્રીયુત રણજીતરામ વાવાભાઈની પ્રસ્તાવના સાથે સંગ્રહ કર્તા રા. કલ્યાણજી અને રા ચુનીલાલ રામચંદ્ર શેલત

પાટીદાર-પદ્યાવલિ-પાટીદાર કવિઓનાં પ્રાચીન અને અર્વાચીન કાવ્યોમાંથી ચૂંટી કાઢેલા કાવ્યોનો કવિ ચરિત્ર સાથે સંગ્રહ. સંયોજક રા. કલ્યાણજી વિ. મહેતા.

૭. **પાટીદાર-ગદ્યાવલિઃ**-પાટીદાર લેખકોનાં લખાણમાંથી ઉત્તમ ઉત્તમ ભાગોનો સંગ્રહ. સંયોજક રા કુંવરજી વિ. મહેતા.

૮ **"પટેલબન્ધુ."** ૭ વરસથી પ્રકટ થતું ઉત્તમ માસિક દીવાળીનો અને પરિષદ્‌નો ખાસ અંક તથા એક ઉત્તમ પુસ્તકની ભેટ આપવામાં આવે છે. વાર્ષિક લવાજમ માત્ર રૂ. સવા.

પુસ્તકો મળવાનું ઠેકાણું.

"પટેલબન્ધુ" ઓફીસ, પારસીશેરી, સુરત.

सर्वेत्र सुखिन: सन्तु सर्वे सन्तु निरामया: ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत् ॥

સઘળે ઠેકાણે સઘળા સુખી થાઓ,
સઘળા કુશળ રહો, સઘળા કલ્યાણ મેળવો,
અને કોઈ પણ દુખી ન રહો.

ॐ सहनाववतु सहनौ भुनक्तु

सह वीर्यं करवावहै

तेजस्विनावधीतमस्तु

मा विद्विषावहै

ॐ शान्तिः शान्तिः शान्तिः

પરમેશ્વર આપણું બન્નેના સાથોસાથ રક્ષણ કરો, ને વિદ્યાના ફળનો અનુભવ [illegible] આપણું રક્ષણ કરો આપણું વિદ્યા [illegible] કરવા સામર્થ્ય કરો, આપણે મેળવેલું જ્ઞાન સામર્થ્યવાન થાઓ અને આપણો પરસ્પર દ્વેષ ન કરીએ.

કઠોપનિષદ

પ્રસિદ્ધ કરનાર—કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—સૈયદપરા, મોટી શેરી, સુરત.

છાપનાર—મૂળચંદ [illegible]
છાપવાનું ઠેકાણું—[illegible]
ધી સુરત જૈન પ્રીન્ટીંગ પ્રેસ
ખપાટીઆ ચકલા—સુરત.